| | | | | | |
|---|---|---|---|---|---|
| | सत्यमेव जयते | રજૂ તારીખ | ૧૬/૦૬/૨૦૨૬ | | |
| | | દાખલ તારીખ | ૧૬/૦૬/૨૦૨૬ | | |
| | | નિકાલ તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૧ | ૦૫ |

**ક્રિમીનલ કેસ નં. ૮૭૪/૨૦૨૬**

**આંક–.....**

## ફોર્મ – એ

| |
|---|
| **પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મુ.પેટલાદ** |
| **(જજમેન્ટ આપ્યાની તારીખ ૨૧/૦૭/૨૦૨૬ )** |
| **(કેસ નં. ૮૭૪/૨૦૨૬ )** |
| **પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનના ગુ.રજી. નં. ૧૧૨૧૫૦૨૧૨૬૦૦૦૨/૨૦૨૬** |
| **(બી.એન.એસ.ની કલમ– ૨૮૧, ૧૦૬(૧) ૧૨૫(એ),૧૨૫(બી)તથા એમ.વી.એક્ટ કલમ– ૧૭૭, ૧૮૪ મુજબ)** |

| | |
|---|---|
| ફરીયાદી | પ્રવિણભાઇ પ્રભુભાઇ પટેલ |
| ફરીયાદી તરફે | વિ.એ.પી.પી.શ્રી.એમ.એમ.ભુરીયા |
| આરોપી | દિનેશભાઇ રામજીભાઇ ઠાકોર, ઉં.વ.પુખ્ત<br>રહે.શાહપુર પાણીની ટાંકી પાસે ,તા.પેટલાદ જી.આણંદ |
| આરોપી તરફે | વિ.વ.શ્રી એમ.એસ.બારોટ |

## ફોર્મ – બી

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૩૧/૧૨/૨૦૨૫ |
| એફ.આઈ.આર. ની તારીખ | ૦૬/૦૧/૨૦૨૬ |
| ચાર્જશીટની તારીખ | ૧૧/૦૪/૨૦૨૬ |

| | |
|---|---|
| તહોતમનામું ઘડયાની તારીખ | ૧૬/૦૬/૨૦૨૬ |
| પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | – |

## આરોપીની વિગત

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય બી.એન.એસ.એસ. ની કલમ –૪૬૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | દિનેશભાઇ રામજીભાઇ ઠાકોર | ૧૬/૦૧/ ૨૦૨૬ | | બી.એન.એસ. ની કલમ– ૨૮૧, ૧૦૬(૧),૧૨૫ (એ),૧૨૫(બી) તથા એમ.વી.એક્ટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ | નિર્દોષ | – | – |

## ફોર્મ – સી

## એ– ફરીયાદપક્ષના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| PW1 | પ્રવિણભાઇ પ્રભુભાઇ પટેલની જુબાની | ફરીયાદી | ૦૬ |
| PW2 | લાલુભાઇ કનુભાઇ તળપદાની જુબાની | સાહેદ | ૦૮ |
| PW3 | મહેશભાઇ જયંતીભાઇ તળપદાની જુબાની | સાહેદ | ૦૯ |
| PW4 | હૈદરખાન રસુલખાન પઠાણની જુબાની | સાહેદ | ૧૦ |

## બી– આરોપીપક્ષના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| DW1 | – | – | – |

## સી– કોર્ટ તરફેના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| CW1 | – | – | – |

## એ– ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદ |
| ૨ | ૧૧ | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૩ | ૧૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૪ | ૧૩ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૫ | ૧૪ | એક્સીડન્ટ રીપોર્ટ ફોર્મ |
| ૬ | ૧૫ | પી.એમ. નોટ |

## બી– આરોપીપક્ષના સાક્ષી :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | | |

## સી– કોર્ટ તરફેના સાક્ષી :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

## <u>ડી– મહત્વની વસ્તુઓ :–</u>

| નંબર | આંકના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

## <u>–: જ જ મે ન્ટ :–</u>

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૧/૩૦ વાગ્યે મોજે પેટલાદ–ખંભાત રોડ,તનમય પાર્ટી પ્લોટ પાસે રોડ ઉપર મોટર સાઇકલ રજીસ્ટર નંબર જી.જે.૨૩ એ.એચ.૭૫૪૭નું પુરઝડપે બેફીકરાઇ અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરિયાદીના પત્ની પુષ્પાબેન પ્રવીણભાઈ પટેલનાઓને રોડ ક્રોસ કરતી બખતે ટક્કર મારી ફરીયાદીના શરીરે ગંભીર ઈજાઓ કરી સારવાર દરમિયાન મોત નિપજાવી ગુનો કરી**, બી.એન.એસ.ની કલમ– ૨૮૧, ૧૦૬(૧),૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી.એક્ટ કલમ–૧૭૭, ૧૮૪** મુજબનો ગુનો નોંધી ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ કરતા હાલના કામના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા આરોપીઓ વિરુધ્ધના આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ઈન્સાફી નિકાલ સારૂ રજુ કરવામાં આવેલ છે.

**(૨)** ત્યાર બાદ આ કામના આરોપીઓને સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ અને તેની બજવણી થતા આરોપીઓ કોર્ટમાં હાજર થયેલ છે અને આરોપીઓને બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે ચાર્જસીટ સહીત પોલીસ કાગળની નકલો આપવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ આરોપી વિરુધ્ધના આક્ષેપીત ગુના અંગેનું તહોતમનામું **આંક– ૦૪** થી ફરમાવવામાં આવેલ છે અને **આંક– ૦૫ થી** આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેઓએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તેથી કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે તથા ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા નોંધવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષે ફોર્મ–સી માં જણાવ્યા મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૪) ઉપરોકત ફોર્મ–સી માં જણાવ્યા મુજબના પુરાવા રજુ થયા બાદ ફરીયાદપક્ષે બીજા કોઈ પુરાવા રજુ થયેલ નથી. અને **આંક–૧૬**થી કલોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવેલ છે તેમજ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવા જોતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેવુ જણાવેલ છે તેમજ તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નથી કે, બચાવના કોઈ સાહેદો તપસવા નથી તેવુ જણાવેલ છે.

◆ ફરીયાદપક્ષ તથા આરોપીપક્ષના વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે અને સદર કેસના આખરી નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

(૫) સદરહું ફરીયાદ હકીકતો ઉપરથી ન્યાયીક અર્થે કેસનાં આખરી નિકાલ વાસ્તે, નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**–: <u>મુ દા</u> ઓ :–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદમાં જણાવેલ હકીકત મુજબ આ કામના આરોપીએ તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૧/૩૦ વાગ્યે મોજે પેટલાદ–ખંભાત રોડ,તનમય પાર્ટી પ્લોટ પાસે રોડ ઉપર મોટર સાઇકલ રજીસ્ટર નંબર જી.જે.૨૩ એ.એચ.૭૫૪૭નું પુરઝડપે બેફીકરાઇ અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરિયાદીના પત્ની પુષ્પાબેન પ્રવીણભાઇ પટેલનાઓને રોડ ક્રોસ કરતી બખતે ટક્કર મારી ફરીયાદીના શરીરે ગંભીર ઈજાઓ કરી સારવાર દરમિયાન મોત નિપજાવી ગુનો કરી**, બી.એન.એસ.ની કલમ– ૨૮૧, ૧૦૬(૧),૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી.એક્ટ કલમ–૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુ ક મ ? |

(૬) ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર મૌખિક, દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તેમજ કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને લેતા ઉપરોકત મુદદાનાં જવાબો અને કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| **મુદદા નં.૧. ન કા ર માં,** | |
| **મુદદા નં.ર. આખરી હુકમ મુજબ.** | |

**– :: નિર્ણય માટેનાં કારણો ::–**

(૭) **મુદદા નં.૦૧ અને ૦ર**

**ઉપરોક્ત મુદ્ધા પુરવાર કરવા ફરીયાદપક્ષે તપાસેલ પુરાવો રેકર્ડ ઉપર ધ્યાને લેવામાં આવે તો** ફરીયાદપક્ષે **આંક– ૦૬** થી ફરીયાદી પ્રવિણભાઇ પ્રભુભાઇ પટેલ નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "તારીખ ૩૧–૧૨–૨૦૨૫ ના રોજ સવારના ૧૧–૩૦ વાગે હું સાંઇનાથ મંદિર આગળ બેસેલ હતો તે વખતે મને જાણવા મળેલ કે, મારી પત્ની પુષ્પાબેન પેટલાદ ખંભાત રોડે તન્મય પાર્ટી પ્લોટ પાસે રોડ ક્રોસ કરવા જતી હતી તે વખતે એક મોટર સાયકલ વાળાએ મારી પત્નીને ટક્કર મારતા તે રોડની સાઇડમાં પડી ગયેલાની જાણ થતા હુ ત્યાં સ્થળ પર ગયેલો અને ત્યાં જઇને જોયુ તો મારી પત્ની રોડની સાઇડમાં પડેલ હતી અને એક મોટર સાયકલ પણ ત્યાં પડેલી હતી મારી પત્નીને અકસ્માતના બનાવમાં ગંભીર ઇજા થતા પહેલા તેઓને પેટલાદ સરકારી દવાખાને દવા સારવાર માટે લઇ ગયેલા અને વધુ સારવાર માટે વડોદરા ગોત્રી હોસ્પીટલમાં દવા સારવાર કરાવેલી અને ત્યાં પણ સારુ ન થતા મારી પત્નીને એસ.એસ.જી હોસ્પીટલ વડોદરા ખાતે દવા સારવાર માટે દાખલ કરેલ અને ત્યાં દવા સારવાર દરમ્યાન મારી પત્ની પુષ્પા મરણ ગયેલ. હુ દવા સારવારમાં રોકાયેલ હોય એટલે મે બનાવની ફરીયાદ લેટ આપેલી. મને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે તેમા ફરીયાદી તરીકે મારા ડાબા હાથના અંગુઠાનુ નિશાન છે જેને હુ ઓળખુ છે જે ફરીયાદની ખરી નકલને રજુ દાખલ આંક.ર આપવામાં આવે છે." તેવી હકીકત જણાવેલ છે.

◆ બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, "એ વાત ખરી છે કે, બનાવ વખતે હુ સાંઇ નાથ મંદીરે બેસેલો

હતો. બનાવ અંગેના જાણ મને વાતો વાતથી થયેલી. બનાવ મે નજરે જોયેલ નહી." તેવી હકીકત પુરાવા કે રેકર્ડ ઉપર આવેલ છે.

**( ૭.૧ )** વધુમાં ફરીયાદપક્ષે **આંક– ૦૮** થી સાહેદ લાલુભાઈ કનુભાઈ તળપદાનાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "હું ધોરણ – ૯ સુધી ભણેલ છું. હું અતિથી હોટલની બાજુમાં નારીયેળ વેચવાનો ધંધો કરુ છું. ધંધો હું સવારના ૮ વાગ્યાથી સાંજના ૮ વાગ્યા સુધી કરુ છું. અતિથી હોટલની સામે તન્મય પાર્ટી પ્લોટ આવેલ છે. આજથી આશરે છ એક મહીના પહેલા હું મારી નારીયેળની લારી ઉપર વેપાર કરતો હતો તે વખતે મારી લારી ઉપર ગ્રાહકો હતા તે વખતે આશરે બપોરના દોઢેક વાગે તન્મય પાર્ટી પ્લોટ પાસે એક બા નું મોટર સાઈકલ વાળા સાથે અકસ્માત થયેલ એવું મે ત્યાં જઈને જોયેલું અકસ્માત વખતે મોટર સાઈકલ કોણ ચલાવતુ હતુ તે મે જોયેલ નહીં. અકસ્માતમાં જે બા હતા તેઓને ગંભીર ઈજાઓ થયેલી અને ૧૦૮ દવારા પેટલાદ સીવીલ હોસ્પીટલમાં લઈ ગયેલા. બનાવ સંબંધી પોલીસે મારો જવાબ લીધેલો." તેવી હકીકત જણાવેલ છે.

◆ બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, " એ વાત ખરી છે કે બનાવ બનતા મે નજરે જોયેલ નહીં. અકસ્માત કેમ કરતા થયેલ તે હું કહી શકું નહીં." તેવી હકીકત પુરાવા કે રેકર્ડ ઉપર આવેલ છે.

**( ૭.૨ )** વધુમાં ફરીયાદપક્ષે **આંક– ૦૯** થી સાહેદ મહેશભાઈ જયંતિભાઈ તળપદા નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "હું અતિથી હોટલની બાજુમાં પ્લાસ્ટીકના પીપળા વેચવાનો ધંધો કરુ છું. ધંધો હું સવારના ૮ વાગ્યાથી સાંજના ૮ વાગ્યા સુધી કરુ છું. અતિથી હોટલની સામે તન્મય પાર્ટી પ્લોટ આવેલ છે. આજથી આશરે છ એક મહીના પહેલા હું વેપાર કરતો હતો તે વખતે ગ્રાહકો હતા તે વખતે આશરે બપોરના દોઢેક વાગે તન્મય પાર્ટી પ્લોટ પાસે એક બા નું મોટર સાઈકલ વાળા સાથે અકસ્માત થયેલ એવું મે ત્યાં જઈને જોયેલું અકસ્માત વખતે મોટર સાઈકલ કોણ ચલાવતુ હતુ તે મે જોયેલ નહીં. અકસ્માતમાં જે બા હતા તેઓને ગંભીર ઈજાઓ થયેલી અને ૧૦૮ દવારા પેટલાદ સીવીલ હોસ્પીટલમાં લઈ ગયેલા. બનાવ સંબંધી પોલીસે મારો જવાબ લીધેલો." તેવી હકીકત જણાવેલ છે.

◆ બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, "એ વાત ખરી છે કે બનાવ બનતા મે નજરે જોયેલ નહીં. અકસ્માત કેમ કરતા થયેલ તે હું કહી શકું નહીં." તેવી હકીકત પુરાવા કે રેકર્ડ ઉપર આવેલ છે.

( ૭.૩ ) વધુમાં ફરીયાદપક્ષે **આંક– ૧૦** થી સાહેદ હૈદરખાન રસુલખાન પઠાણ નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "હું અતિથી હોટલની બાજુમાં ફ્રુટ વેચવાનો ધંધો કરુ છું. ધંધો હું સવારના ૯ વાગ્યાથી સાંજના ૧૦ વાગ્યા સુધી કરુ છું. અતિથી હોટલની સામે તન્મય પાર્ટી પ્લોટ આવેલ છે. આજથી આશરે છ એક મહીના પહેલા હું વેપાર કરતો હતો તે વખતે ગ્રાહકો હતા તે વખતે આશરે બપોરના દોઢેક વાગે તન્મય પાર્ટી પ્લોટ પાસે એક બા નું મોટર સાઈકલ વાળા સાથે અકસ્માત થયેલ એવું મે ત્યાં જઈને જોયેલું અકસ્માત વખતે મોટર સાઈકલ કોણ ચલાવતુ હતુ તે મે જોયેલ નહીં. અકસ્માતમાં જે બા હતા તેઓને ગંભીર ઈજાઓ થયેલી અને ૧૦૮ દવારા પેટલાદ સીવીલ હોસ્પીટલમાં લઈ ગયેલા. બનાવ સંબંધી પોલીસે મારો જવાબ લીધેલો." તેવી હકીકત જણાવેલ છે.

◆ બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, "એ વાત ખરી છે કે બનાવ બનતા મે નજરે જોયેલ નહીં. અકસ્માત કેમ કરતા થયેલ તે હું કહી શકું નહીં." તેવી હકીકત પુરાવા કે રેકર્ડ ઉપર આવેલ છે.

**(૮)** ફોજદારી કેસમાં રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા ક્રિમીનલ જયુરીસપ્રુડન્શના મૂળભૂત સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો,

Basically, there are three cardinal principles of criminal jurisprudence.

1.prosecution to prove its case beyond reasonable doubt.

2.The accused must be presumed to be innocent.

3.The onus of the prosecution never shifts.

◆ કોઇપણ કેસમાં જયારે પોલીસ ચાર્જશીટના આધારે કેસનો નિર્ણય કરવાનો હોય છે ત્યારે અદાલતેએ ખ્યાલ રાખવાનો હોય છે કે, અદાલતે માત્ર ભોગ બનનાર અને આરોપી વચ્ચે ન્યાય કરવાનો નથી, પરંતુ સમાજને પણ આ ન્યાયની અસર થતી હોય છે એ બાબત

પણ લક્ષમાં લઇ ન્યાય કરવાનો હોય છે. કોઇપણ બનાવનો ભોગ બનનારે ન્યાય મેળવવા માટે સૌપ્રથમ સારવાર કરનાર એજન્સી ઉપર આધાર રાખવો પડે છે અને ત્યારબાદ પ્રોસીકયુશન એજન્સી ઉપર આધાર રાખવો પડે છે. આ એજન્સીઓ પૈકી કોઇપણ એજન્સીની ઈરાદા સાથે કે ઈરાદા વગર (શુધ્ધબુધ્ધિ પુર્વકની) કોઇ ભુલ કરે તો તેનો ખરેખર ભોગ બનનારને બનવું ન પડે તે પણ પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે જોવાની ફરજ પણ અદાલતની છે. આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટ,સ્ટેટ ઑફ યુ.પી વિરુધ્ધ અનીલસીંગ, અંબીકાપ્રસાદ વિ. સ્ટેટ ઓફ દીલ્હી એ.આઈ.આર. ૨૦૦૦, સુપ્રીમ કોર્ટ, ૭૧૮ ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતને સમાજમાં જે રીતે ક્રાઇમ વધી રહેલ છે અને જે રીતે આરોપીઓ શંકાનો લાભ મેળવી બચી જાય છે તે અંગે નોંધેલ છે કે, સ્વતંવ સાહેદો સાક્ષી બનવાનુ ટાળે છે, અન્વેષણ અધીકારીને પણ સહકાર આપતા નથી, તે માટેના ઘણા કારણો છે. પરંતુ આવા પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટ એ ધ્યાનમાં રાખવુ જોઈએ કે, જજની ખુશીમાં બેસી જજે માત્ર એટલુ જ જોવાનું નથી કે કોઈ નિર્દોષ માણસને ખોટી સજા ન થઈ જાય, પરંતુ કોર્ટની એ પણ જોવાની ફરજ છે. આ બાબત ધ્યાન પર રાખી રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે. આરોપીઓ સામે ફોજદારી કેસ છે. પોલીસ ચાર્જશીટ આધારીત કેસ દાખલ થયેલ છે. ફરીયાદપક્ષ સદર મુળભુત સિધ્ધાંતો ધ્યાન સમક્ષ રાખી આ કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાકીય બાબતોનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

## (૯) <u>બેદરકારી અને બેફીકરાઈ રીતે વાહન ચલાવવા બાબતે</u> :-

-આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનાના સબંધમાં મુળભુત તત્વો તે બેદરકારી અને બેફીકરાઈ બાબતના રહેલા છે. આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટે તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે હેલ્ડ કરેલ રેસચો ધ્યાને લઈએ તો નામદાર સુપ્રિમકોર્ટ રવી કપુર વિરૂધ્ધ રાજસ્થાન રાજય એ.આઈ.આર.૨૦૧૨ સુ.કો. ૨૯૭૬ના ચુકાદાના પારા ૧૦ અને ૧૧ માં એવું અવલોકન કરેલ છે કે, *"10. In order to examine the merit or otherwise of contentions (b) and (c) raised on behalf of the appellant, it is necessary for the Court to first and foremost*

*examine (a) what is rash and negligent driving; and (b) whether it can be gathered from the attendant circumstances. Rash and negligent driving has to be examined in light of the facts and circumstances of a given case. It is a fact incapable of being construed or seen in isolation. It must be examined in light of the attendant circumstances. A person who drives a vehicle on the road is liable to be held responsible for the act as well as for the result. It may not be always possible to determine with reference to the speed of a vehicle whether a person was driving rashly and negligently. Both these acts presuppose an abnormal conduct. Even when one is driving a vehicle at a slow speed but recklessly and negligently, it would amount to 'rash and negligent driving' within the meaning of the language of Section 279 IPC. That is why the legislature in its wisdom has used the words 'manner so rash or negligent as to endanger human life'. The preliminary conditions, thus, are that (a) it is the manner in which the vehicle is driven; (b) it be driven either rashly or negligently; and (c) such rash or negligent driving should be such as to endanger human life. Once these ingredients are satisfied, the penalty contemplated under Section 279 IPC is attracted."and observed in Para 11 that, “'Negligence' means omission to do something which a reasonable and prudent person guided by the considerations which ordinarily regulate human affairs would do or doing something which a prudent and reasonable person guided by similar considerations would not*

*do. Negligence is not an absolute term but is a relative one; it is rather a comparative term. It is difficult to state with precision any mathematically exact formula by which negligence or lack of it can be infallibly measured in a given case. Whether there exists negligence per se or the course of conduct amounts to negligence will normally depend upon the attending and surrounding facts and circumstances which have to be taken into consideration by the Court. In a given case, even not doing what one was ought to do can constitute negligence." and In the case of Mahadevji Bhagvanji Patel Vs. State of Gujarat 2001 (4) GLR 3424 Hon'ble High Court of Gujart has held in Para 21 "The words "rash or negligent" are termed closely allied, but they are nonetheless distinguishable. In cases of negligence, the party does not perform an act to which he is obliged; he breaks a positive duty, he does not advert to the act which it is his duty to do. In cases of rashness, the party does not act which he is bound to forbear; he breaks a negative duty. Here, he adverts to the act but not to the consequences of the act he does. In rash as well as in negligent act, no thought is bestowed on the consequences. In the one, there is a knowledge of the consequence, but there is over-confidence which makes one believe its happening unlikely. In the other, the consequence is never adverted to. Negligence may be defined to be the breach of a duty caused by the omission to do something which a reasonable man, guided by those considerations*

*which ordinarily regulate the conduct of human affairs, would do or the doing something which a prudent and reasonable man would not do. Negligence is not an affirmative word; it is the absence of such skill, care and diligence as it was the duty of the person to bring to the performance of the work which he is said not to have performed. The question whether a certain act is rash or negligent cannot be answered in the abstract. It must depend upon the time, place and the nature of the road. It is the duty of all persons driving on a public way to exercise that degree of care and caution for the safety of others, which a prudent man might reasonably be expected to exercise. What is necessary for the prosecution to establish under Sec. 279 I.P.C. is that the vehicle or car was driven on a public road in a manner so rash or negligent as to endanger human life."* બેદરકારી અને બેફિકરાઈ આ બન્નેમાં વ્યકિતને પોતાના કૃત્યના સંભવિત અસરનો વિચાર આવતો નથી, આવા કૃત્યના લીધે જે પરિણામ આવે તેના કારણે કદાચ આવું કૃત્ય કરનારને પસ્તાવો થાય હતપ્રત પણ બની જાય, આમ છતાં તે એકમાત્ર અકસ્માત ગણી શકાય નહિ કારણે આવા કૃત્યમાં યોગ્ય સંભાળ તથા પુરતી સાવચેતીનો સદંતર અભાવ હોય છે. તમામ સંભાળ તથા પુરતી સાવચેતી રાખવા છતા કોઈ બનાવ બને તો તે અણધાર્યો, ઓચીતો અને માનવીના નિયંત્રણ બહારનો હોય તેને જ એકમાત્ર અકસ્માત તરીકે અપવાદમાં ગણવામાં આવે છે આ સિવાય એક સામાન્ય સમજ તથા બુધ્ધિમતા ધરાવતા વ્યકિત પાસે જે વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે એ મુજબ વ્યકિત જયારે ન વર્તે ત્યારે તે બેદરકારી ગણાય છે. જાહેર માર્ગ ઉપર વાહન વ્યકિત ચલાવે તે અપેક્ષા

મુજબનું છે પરંતુ અચાનક બ્રેક મારે, અચાનક વણાંક લે, ઓચીંતિ પોતાના વાહનની ઝડપ વધારી દે વિગેરે... કૃત્યો બેફામપણે કરેલા કૃત્યો ગણાય છે એટલું જ નહી વાહન ચાલક પોતાના વાહનને નિયંત્રીત કરી શકે તેવી રીતે જે અને જેતે માર્ગને અનુરૂપ ઝડપ હોવી અપેક્ષીત છે પરંતુ તે સાથોસાથ ભરચક માર્ગ, કાચો રસ્તો, વળાંકો, અન્ય વાહનોની ગતિ, વાહનની યાંત્રિક પરિસ્થિતિ, ટ્રાફિકના નિયમો, સુચનાઓ, નિશાનીઓ, રાહદારીઓ વિગેરે અનેક બાબતો પણ વાહનના ચાલકે લક્ષમાં લઈને વાહન ચલાવવાનું હોય છે. વાહન ચાલકની એ ફરજ છે કે, તેઓ જાહેર માર્ગ ઉપર વાહન ચલાવતા સમયે સંપૂર્ણપણે સાવચેત અને સાવધ રહે, યોગ્ય તકેદારી રાખે અને પોતાના વાહનને સંપૂર્ણ નિયંત્રણમાં રાખે ટ્રાફિકના તથા વાહન વ્યવહારના નીયમોને અનુસરવા જોઈએ.

**(૧૦)** બેદરકારી અને બેફીકરાઇ રીતે વાહન ચલાવવા બાબતે પેરા ક્રમાંક નં.૯માં જે ધોરણો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તે સંદર્ભે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, વધુમાં સદર કામે રેકર્ડ જોતા આરોપીઓના વિ.વ.શ્રી.ની સંમતિથી **આંક– ૦૭** થી ફરીયાદ રજુ થયેલ છે, આ કામમાં **આંક–૦૬**ના ફરીયાદીની જુબાની ધ્યાને લેતા, ફરીયાદી બનાવ વખતે સાંઇનાથ મંદિરે બ્ એસેલા હોવાથી અકસ્માત અંગેની જાણ તેઓને વાતો વાતોથી જાણવા મળેલ. તેઓએ અકસ્માત નજરે જોયેલ નહી તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આમ ફરીયાદીએ **આંક–૦૭**થી રજુ કરેલ ફરીયાદને સમર્થનકારક જુબાની આપેલી નથી. આથી ફરીયાદની હકીકત પુરવાર થતી નથી. આ કામમાં અનુક્રમે **આંક–૦૮,આંક–૦૯ અને આંક–૧૦**ના સાહેદો લાલુભાઈ તળપદા, મહેશભાઈ તળપદા અને હૈદરખાનની જુબાની ધ્યાને લેતા અકસ્માતનો બનાવ તેઓએ નજરે જોયેલ નહી. અકસ્માત કેવી રીતે બન્યો તેની કોઇ જાત માહિતી તેઓને નથી તેવી બાબત રેકર્ડ ઉપર આવેલ છે. આ કામમાં ફરીયાદપક્ષે **આંક–૧૧ થી** ઈન્કવેસ્ટ પંચનામુ, **આંક–૧૨ થી** ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, **આંક–૧૩થી** સ્થળ પરીક્ષણ અહેવાલ, **આંક–૧૪થી** એક્સીડન્ટ રીપોર્ટ અને **આંક–૧૫થી** પી.એમ.નોટ રજુ કરવામાં આવેલ છે. સદરહુ દસ્તાવેજોના કામમાં અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ

નથી. એક માત્ર દસ્તાવેજોને આંક આપવાથી દસ્તાવેજો પુરાવાના નિયમો મુજબ ઓટોમેટીક સાબિત થઇ જતા નથી. આ કામમાં ફરીયાદપક્ષ ફરીયાદપક્ષના મહત્વના **આંક–૦૬**ના ફરીયાદી તેમજ અનુક્રમે **આંક–૦૮,આંક–૦૯ અને આંક–૧૦**ના સાહેદો લાલુભાઇ તળપદા, મહેશભાઇ તળપદા અને હૈદરખાનનાઓએ ફરીયાદને સમર્થનકારક જુબાની આપેલી નથી. અકસ્માતનો બનાવ કઈ રીતે બનેલ અકસ્માત કરનાર વાહન કયુ હતુ, અકસ્માત કરનાર વાહનના ચાલક કોણ હતા, વાહન કઈ રીતે બેદરકારી અને બેફિકરાઈ ભરી રીતે ચલાવી અકસ્માત કરેલ બાબતની કોઈ હકીકત ફરિયાદપક્ષ આધારભૂત પુરાવાથી રોકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**(૧૧)** ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે Ei incumbit probatio qui dicit, non qui negat – જે આક્ષેપ કરે છે તેના પર જ તેને સાબિત કરવાનો ભાર રહે છે. In dubio pro reo – શંકાનો લાભ આરોપીને મળવો જોઇએ. ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, તથા ફરીયાદપક્ષના કેસમાં ગયેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ ઉપરના પુરાવાઓ ઉપરથી એક બાજુ જણાઈ આવતું હોય કે આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો કોઇ ગુનો આરોપીઓએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદપક્ષના કેસમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો રહે છે. ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સિધ્ધાંત છે કે, સો ગુન્હેગારો ભલે છુટી જાય પરંતુ કોઇ નિર્દોષ માણસને ખોટી રીતે સજા થવી જોઇએ નહી. વધુમાં નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા **kailash Gaur V/s. State of Aasam A.I.R.** 2012 SC 786 ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો જોતા તેના પેરા–૨૮ માં એમ ઠરાવેલ છે કે :– "28. It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a

human right which can not be wished away. See Narendra Singh and Anr. V. State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Brahmajeetsingh Sharma V. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 To the same effect is the decision of this court in Ganesh v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 where this court observed : "Every accused is presumed to be innocent unless his guilt is proved. The presumption of innocent is human right. Subject to the statutory exception, the said principle from the basis of criminal jurisprudence in India."પેરા ક્રમાંક નંબર- ૮ ,૯ અને ૧૧માં જણાવવામાં આવેલ ફોજદારી ન્યાયશાશ્ત્રના સિધ્ધાંતો ધ્યાન સમક્ષ રાખી ઉપરોક્ત પેરા નંબર–૧૦માં રેકર્ડ ઉપર આવેલ પૂરાવાનું આખરી મૂલ્યાંકન કરતા આ કામના આરોપીએ તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૧/૩૦ વાગ્યે મોજે પેટલાદ–ખંભાત રોડ,તનમય પાર્ટી પ્લોટ પાસે રોડ ઉપર મોટર સાઇકલ રજીસ્ટર નંબર જી.જે.૨૩ એ.એચ.૭૫૪૭નું પુરઝડપે બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરિયાદીના પત્ની પુષ્પાબેન પ્રવીણભાઈ પટેલનાઓને રોડ ક્રોસ કરતી બખતે ટક્કર મારી ફરીયાદીના શર્રીરે ગંભીર ઈજાઓ કરી સારવાર દરમિયાન મોત નિપજાવી ગુનો કરી**, બી.એન.એસ.ની કલમ– ૨૮૧, ૧૦૬(૧),૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી.એક્ટ કલમ–૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની હકીકત સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાથી મુદદા નં.૧ '' **નકારમાં** '' ઠરાવી મુદદા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>–:: આ ખ રી હુ ક મ ::–</u>

(૧) આ કામના આરોપી **દિનેશભાઈ રામજીભાઈ ઠાકોર, રહે.શાહપુર પાણીની ટાંકી પાસે ,તા.પેટલાદ જી.આણંદ** નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે **બી.એન.એસ.ની કલમ– ૨૮૧, ૧૦૬, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટ કલમ–૧૭૭, ૧૮૪** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીઓના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧(ક) અન્વયે અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા જાત મુચરકો ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ **તારીખ ૨૧મી, માહે જુલાઇ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ – ૨૧/૦૭/૨૦૨૬

સ્થળ : પેટલાદ

(ડી.બી.ગોહીલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ
UIC NO.GJ00757

સ્ટેનો– એમ.એ.ભરવાડ

## <u>કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.</u>

(૧) અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલ– તમાં જાહેર થયા  મુજબ યોગ્ય રીતે વેરીફાઇ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

(૨) બોર્ડ કલાર્કશ્રી/સંબંધિત કર્મચારીએ, સમગ્ર કેસ/અરજી કાળજી પૂર્વક ખરાઇ કરવી. જો કોઇ પ્રોસીઝરલ ભુલ અથવા ક્ષતિ જણાઇ આવે તો, ઓફિસની નિયત પ્રક્રિયા મુ– જબ તે બાબતે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૩) રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તારીખ: ૨૧/૦૭/૨૦૨૬
સ્થળ : પેટલાદ

(દિલીપસીંહ બી. ગોહીલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ
UIC NO.GJ00757

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ, ચેક વેરીફાઇ કર્યા બાદ અપલોડ અંગેની કાર્યવાહી કરેલ છે.<br>**અપલોડની કામગીરી સંભાળનાર** | |
| ૨ | આખો કેસ / અરજી ક્રમાંક નંબર ૨ મુજબ ચેક વેરીફાઇ કરેલ છે. **શીરસ્તેદાર / બોર્ડ કલાર્કશ્રી** | |
| ૩ | ક્રમાંક નંબર ૩ના હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે.<br>**સુપ્રિટેન્ડેન્ટ / રજીસ્ટ્રી** | |